નવી બાબત ૨૦૧૯-૨૦
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કુલ ૦૫ કુમાર/કન્યા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટેની બાબત
રૂ.૧૫૬.૫૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૮/૬૨૨૦૧૪/ન.બા-૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૩/૧૨/૨૦૧૯

## વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૦/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./ન.બા. /૨૦૧૯-૨૦/૧૮૮૧

## સુધારા ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવના પારા (૧) "પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૦૩ કુમાર છાત્રાલયો - સૂચિત સ્થળો (૧) નવસારી (૨) મહીસાગર-લુણાવાડા, (૩) બોટાદ તથા ૦૨ કન્યા છાત્રાલયો - સૂચિત સ્થળો (૧) પાટણ, (૨) દેવભૂમિ-દ્વારકા એમ કુલ ૦૫ નવા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે રૂ.૧૫૬.૫૦ લાખ (અંકે રૂપિયા એકસો છપ્પન લાખ પચાસ હજાર પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે." ને બદલે નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

"પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૦૩ કુમાર છાત્રાલયો - સૂચિત સ્થળો (૧) નવસારી (૨) મહીસાગર-લુણાવાડા, (૩) બોટાદ તથા ૦૨ કન્યા છાત્રાલયો - સૂચિત સ્થળો (૧) પાટણ, (૨) દેવભૂમિ-દ્વારકા એમ કુલ ૦૫ નવા સરકારી છાત્રાલયો માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ (પગાર ધોરણ –

રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે રૂ.૪૪૦૦/-) ની કુલ ૫(પાંચ) જગ્યાઓ ઉભી કરવાની તથા ચોકીદાર અને સફાઇ કામદારની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની શરતે ૦૫ નવા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે છાત્રાલય દીઠ ૫૦ની માન્ય સંખ્યા પ્રમાણે કુલ ૨૫૦ છાત્રો માટે રૂ.૧૫૬.૫૦ લાખ (અંકે રૂપિયા એકસો છપ્પન લાખ પચાસ હજાર પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે."

વંચાણે લીધેલ (૧) પરના તા.૦૯/૦૯/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)
(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
(૧૩) સિલેકટ ફાઇલ